શ્રી નવખંડા પાર્શ્વનાથજી



# શ્રી ઘોઘા તીર્થ ઈતિહાસ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૨૩માં તિર્થંકર શ્રી પાર્શ્વનાથ ભગવાન

| | | |
|---|---|---|
| પાર્શ્વનાથ પ્રભુનાં માતાનું નામ | : | રાણી વામાદેવી |
| પાર્શ્વનાથ પ્રભુનાં પિતાનું નામ | : | રાજા શ્રી અશ્વસેન |
| પાર્શ્વનાથ પ્રભુનાં ચ્યવન કલ્યાણક | : | ફાગણ વદ ૪ કાશી – બનારસ |
| પાર્શ્વનાથ પ્રભુનાં જન્મ કલ્યાણક | : | માગસર વદ ૧૦ કાશી – બનારસ |
| પાર્શ્વનાથ પ્રભુનાં દિક્ષા કલ્યાણક | : | માગસર વદ ૧૧ કાશી – બનારસ |
| પાર્શ્વનાથ પ્રભુનાં કેવળજ્ઞાન કલ્યાણક | : | ફાગણ વદ ૪ ભેલુપુર |
| પાર્શ્વનાથ પ્રભુનાં નિર્વાણ | : | શ્રાવણ સુદ ૮ સમેતશિખરજી |
| પાર્શ્વનાથ પ્રભુનાં ગણધર | : | સંખ્યા ૮ પ્રમુખ શુભ ગણધર |
| પાર્શ્વનાથ પ્રભુનાં સાધુ | : | ૧૬ હજાર પ્રમુખ કેશી ગણધર |
| પાર્શ્વનાથ પ્રભુનાં સાધ્વી | : | ૩૮ હજાર પ્રમુખ પુષ્પચુલા |
| પાર્શ્વનાથ પ્રભુનાં શ્રાવક | : | ૧૬૪૦૦૦ પ્રમુખ સુઘોત |
| પાર્શ્વનાથ પ્રભુનાં શ્રાવિકા | : | ૩૨૭૦૦૦ પ્રમુખ સુનંદા |
| જ્ઞાન વૃક્ષ | : | ધાતકી |
| યક્ષ દેવ | : | પાર્શ્વ |
| યક્ષીણી | : | પદ્માવતી |
| આયુષ્ય | : | ૧૦૦ વર્ષ |
| લાંછન | : | સર્પ |
| વર્ણ | : | નીલ |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ✍ પ્રસ્તાવના

શ્રી ઘોઘા તીર્થનો ઈતિહાસ, ઘોઘાની ચડતી - પડતીની તવારીખ, ઘોઘાના ભવ્ય જિનાલયો, તેમાં બિરાજમાન અલૌકિક પ્રતિમાજી વગેરેનો ઈતિહાસ.

આ પુસ્તકની આસાતના ન થાય તેમ વાપરવા / રાખવા વિનંતી.

**મુલ્ય : રૂા. ૫/- (પાંચ રૂપિયા ફક્ત)**

નોંધ : આ પુસ્તિકા સભર બનાવવા શક્ય તેટલી કાળજી રાખેલ છે, છતાં પણ શરતચૂકથી કંઈપણ ક્ષતિ રહી ગઈ હોય તો ક્ષમા યાચીએ છીએ.

: પ્રકાશક :

**શેઠ શ્રી કાળા મીઠા પેઢી**

**શ્રી નવખંડા પાર્શ્વનાથ જૈન દેરાસર**

ઘોઘા (વાયા ભાવનગર)

પીન : ૩૬૪ ૧૧૦.

ફોન નં. ૦૨૭૮ - ૮૨૩૩૫



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દુનિયાભરની સામગ્રી તને મળી જાય
પણ
જો મનની શાંતિ ન મળે તો બધું વ્યર્થ છે.


શુભેચ્છક

**ભરતભાઈ કાંતિલાલ શાહ**

★

**મે. ટી. જી. એન્ટરપ્રાઈઝ**

૧ - સોની હાઉસ, ૪ - રોડ
જે.વી.પી.ડી. સ્કીમ, વીલે પાર્લા (વેસ્ટ),
મુંબઈ - ૪૦૦ ૦૫૯.
ફોન : ૬૨૪ ૯૯૧૩ ● ફેક્સ : ૬૭૦ ૪૭૩૯




Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઘોઘા તીર્થ ખાતે કાયમી યોજના

રૂા. ૨૫૦૦૧/- શ્રી પોષ દશમીના સામુહિક અઠ્ઠમતપ અનામત ફંડ. (ભાગ્યશાળીનું નામ આરસની તકતી ઉપર લખવામાં આવે છે.)

રૂા. ૧૧૧૧૧/- શ્રી ભોજનશાળા કાયમી અનામત તિથી (ભાગ્યશાળીનું નામ આરસની તકતી ઉપર લખવામાં આવે છે.)

રૂા. ૧૧૧૧૧/- શ્રી યાત્રિકગૃહ સહાયકફંડ કાયમી અનામત તિથી (ભાગ્યશાળીનું નામ આરસની તકતી ઉપર લખવામાં આવે છે.)

રૂા. ૨૫૦૧/- શ્રી ભોજનશાળામાં ફોટાસ્કીમના.

રૂા. ૨૦૦૧/- શ્રી યાત્રિક ગૃહ સહાયકફંડ (ભાગ્યશાળીનું નામ યાત્રીક ગૃહના હોલમાં લખવામાં આવે છે.)

રૂા. ૨૫૧/- શ્રી પોષ દશમી અઠ્ઠમ તપ કાયમી અનામત તિથી.

રૂા. ૨૫૧/- શ્રી આંગી ખાતે કાયમી અનામત તિથી

રૂા. ૨૫૧/- શ્રી ભોજનશાળા ખાતે કાયમી અનામત તિથી

રૂા. ૨૦૧/- શ્રી અખંડ દીપક કાયમી અનામત તિથી

(શ્રી નવખંડા પાર્શ્વનાથજીનાં અખંડ દીપકમાં કેશરવર્ણી જ્યોત થાય છે.)

રૂા. ૧૦૧/- શ્રી ભારે મુગટ કાયમી અનામત તિથી

રૂા. ૧૦૧/- શ્રી પારેવાની જુવાર કાયમી અનામત તિથી

નોંધ : આપનું શ્રેષ્ઠદાન કોઈપણ ખાતામાં આપશો. સાથે આપનું એડ્રેસ પાકું મોકલાવશો જેથી દર વર્ષે આપને યાદ અમો આપી શકીએ.

સૌજન્ય : શ્રી ભુપતરાય ચુનીલાલ શાહ પરિવાર - બોરીવલી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મહાન જીવન મળ્યું છે તો,
મહાન કાર્યો કરી,
મહાન બનીને દુનિયામાંથી વિદાય લેજે.

શુભેચ્છક :

# શ્રી રમણીકલાલ રૂગનાથ ઠાર ઘોઘાવાળા

# સહપરિવાર

★

**મે. રીયલ પ્લાયવુડ સેન્ટર**
મલાડ (વેસ્ટ)
મુંબઈ - ૪૦૦ ૦૬૪.
ફોન : ૮૮૨ ૫૩૬૭

**કે.પી. કોર્પોરેશન**
મલાડ (વેસ્ટ)
મુંબઈ - ૪૦૦ ૦૬૪.
૮૮૯ ૨૨૮૮ / ૮૮૨ ૪૩૨૧

**ઠાર એન્ડ કું.**
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ
વસઈ : ૯૧૨ ૩૩ ૪૧૨૩
મલાડ : ૮૮૯ ૪૫૪૫
ભાયંદર : ૮૧૬ ૦૭૨૮
૮૮૦ ૨૩૩૪

❖ ❖ ❖



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



## અતિથી ગૃહ

અહીં રહેવા માટે સારામાં સારી સગવડ મળી રહે તે માટે અતિથીગૃહમાં સારામાં સારાં બ્લોક ઉતારવામાં આવ્યા છે, તો **શ્રીમતી વિમળાબેન કાંતિલાલ મોહનલાલ શાહ** અતિથીગૃહમાં આપ આવી પધારશો. અહીં રહેવા માટે કંઈપણ ચાર્જ લેવામાં આવતો નથી.

## ભોજનશાળા

અહીં સુંદર ભોજનશાળા બારે માસ ચાલે છે, તો આપ નવકારશી, બપોરનું જમણ તેમજ સાંજના ચૌવિહાર કરવા અવશ્ય પધારશો.

**(ભોજનશાળા ફ્રી ચલાવવામાં આવે છે.)**

## ભાતાખાતું

અહીં સુંદર ભાતાખાતું બારેમાસ ચાલુ રહે છે, તો તેનો પણ આપ લાભ લેશો.

★★

ભાવનગરથી ફક્ત ૨૦ કિ.મી.નાં અંતરે છે. ભાવનગરથી સવારનાં ૫-૩૦ કલાકથી રાતનાં ૧૦-૦૦ વાગ્યા સુધી દર ત્રીસ મીનીટે બસની સગવડ છે.

ભાવનગરથી બસ ૧૧ નંબરના પ્લેટફોર્મ પરથી મળશે.

મુંબઈ અને ભાવનગર વચ્ચે પ્લેન સર્વીસ ચાલુ છે. ઘોઘા તીર્થ ભાવનગર એરપોર્ટથી ફક્ત ૧૫ કિ.મી. દૂર છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે માનવ,
મૃત્યુ એટલે પ્રભુને જીવનનો
હિસાબ આપવાનો પવિત્ર દિવસ.
જેનું જીવન શુદ્ધ તેનો હિસાબ ચોક્ખો.

શુભેચ્છક :

# શાહ રસીકલાલ જયસુખલાલ

૨૦૫, મધુર, ૫૫/૫૬, ટી.પી. એચ. રોડ,
બાભઈ નાકા, બોરીવલી (વેસ્ટ),
મુંબઈ - ૪૦૦ ૦૯૨.
ફોન : ૮૯૮ ૬૭૨૭ / ૮૯૮ ૦૬૭૭



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રી નવખંડા પાર્શ્વનાથાય નમઃ

# શ્રી ઘોઘા તીર્થ

**સાગરતટ સોહે સુંદર, ઘોઘા બંદર જનમનોહરૂ,**
**પાસ નવખંડા નિરૂપમ નામ, જીરાવલ્લા ચંદ્રપ્રભસ્વામી ભગવાન.**

**શ્રી ઘોઘા તીર્થની પ્રાચીનતા :**

શ્રી ઘોઘા તીર્થના અસ્તિત્વનો ઈતિહાસ કે જ્યાં નયનરમ્ય દેવ વિમાન સમા જિનાલયમાં ૯૧ સે.મી.ના પ્રગટ પ્રભાવી પ્રાચીન શ્રી નવખંડા પાર્શ્વનાથ ભગવાન બિરાજમાન છે. શ્રી પ્રગટ પ્રભાવી નવખંડા પાર્શ્વનાથ પ્રભુની પ્રાચીન પ્રતિમાનો ઉલ્લેખ અલગ અલગ સદીઓમાં કરવામાં આવેલ છે.

ઘોઘાતીર્થ સૌરાષ્ટ્રમાં ભાવનગરથી ૨૦ કિ.મી. દૂર આવેલું છે.

ખંભાતના અખાતની ખાડીના કિનારા પર વસેલું આ પ્રાચીન સમયનું નામાંકિત બંદર છે. ઘોઘાથી સમુદ્રકિનારે દહેજબંદર દોઢ કલાકમાં પહોંચાય છે, જ્યારે ભાવનગર વસ્યું પણ ન હતું તે પહેલાનાં કાળમાં પીરમબેટની સ્પર્ધા કરતું આ બંદર હતું. પહેલાના કાળમાં આ તીર્થ ઋદ્ધિ અને સમૃદ્ધિથી ભરપુર હતું. જૈનોની વસ્તી ઘણીજ હતી.

સં. ૧૧૬૮માં શ્રી મહેન્દ્રસૂરિશ્વરના ઉપદેશથી શ્રીમાળી જ્ઞાતિના નાણાવટી શ્રી હીરૂભાઈએ શ્રી નવખંડા પાર્શ્વનાથ ભગવાનનું બિંબ ભરાવેલ. તે ઉપરથી કહી શકાય કે તે પૂર્વ પણ ઘોઘામાં જૈનોની વસ્તી તથા જિનાલયો વિદ્યમાન હતા. ૧૪મી સદીના અનેક ઉલ્લેખો ઉપરાંત ૧૪૩૧માં શ્રી ખરતરગચ્છના આચાર્યશ્રી **જિનેન્દ્રસૂરિ**એ મોકલેલ વિજ્ઞપ્તિપત્રમાં ઘોઘાની શ્રી નવખંડા પાર્શ્વનાથ પ્રભુના દર્શન વંદન કાર્યોના ઉલ્લેખ છે. વિ.સં. ૧૪૮૩ અને વિશેષ વિ.સં. ૧૪૯૯ની સાલના ઉલ્લેખમાં શ્રી સોમસૌભાગ્ય કાવ્ય સર્ગ ૯, શ્લોક ૧૦૦માં ઘોઘાના રહેવાસી વસ્તુપતિ નામના શ્રીમંત શ્રાવક કે જેમણે અસંખ્ય યાત્રાઓ તથા મહોત્સવો પંદરમાં સૈકામાં કર્યા હતા, અને તે સમયમાં ઘોઘાના શ્રી નવખંડા પાર્શ્વનાથ ભગવાન તથા શ્રી આદેશ્વર ભગવાન પણ બિરાજમાન હતા, તેમજ ૧૫મી સદીમાં પણ શ્રી નવખંડા પાર્શ્વનાથ ભગવાનનો ઉલ્લેખ છે જ.

શ્રી ઘોઘા તીર્થમાં શ્રી આદેશ્વર ભગવાન મૂળનાયક તરીકે બિરાજમાન હતા, તે હકીકત આજે પણ સ્વીકારવા યોગ્ય છે. કારણકે આજે પણ નવખંડા પાર્શ્વનાથ ભગવાનના મુખ્ય રંગમંડપમાં શ્રી ચકેશ્વરી માતા તેમજ વિમલેશ્વર દેવની મૂર્તિ સ્થાપેલ દેખાય છે.

અને શ્રી આદેશ્વર ભગવાનની નયનરમ્ય મૂર્તિ આજે પણ ભાવનગરના મુખ્ય

**સૌજન્ય : શ્રી મુકેશભાઈ શાંતિલાલ શાહ, શ્રી વિપુલભાઈ રસીકલાલ શાહ - બોરીવલી**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નદીનું પ્રત્યેક વહેણ સમુદ્ર તરફી હોય છે
તેમ,
હે માનવ ! તારી પ્રત્યેક પ્રવૃત્તિ પરમાત્મા
તરફી હોવી જોઈએ.


શુભેચ્છક :

**શાહ હર્ષદરાય ચુનીલાલ**

**પારેખ ભુપતરાય રતીલાલ**

આયુર્વેદિક દવાનાં જથ્થાબંધ વેપારી

મુંબઈ.

★★★★

**ભારત ટ્રેડીંગ કું.**

૧૧૧, ટન ટન પુરા સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૯.

ફોન : ૩૭૫ ૯૦૧૩ / ૩૭૫ ૮૯૬૭

ફેક્સ : ૩૭૮ ૦૫૮૪

**દિલ્હી**

ઝવેરી ભવન, પહેલે માળે,

૨૦૭૧-૭૨, કતરા ટોબેકો, ખારી બાવલી, દિલ્હી - ૧૧૦ ૦૦૬.

ફોન : ૨૯૨ ૫૧૩૩ / ૨૯૨ ૯૮૭૭


❋ ❋ ❋



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનાલયમાં બિરાજમાન છે અને તેજ રંગમંડપમાં શ્રી પદ્માવતીદેવી અને શ્રી પાર્શ્વયક્ષની મૂર્તિ બિરાજમાન છે. આમ કેમ બન્યું હશે તેનો ઉલ્લેખ કંઈ જ મળતો નથી. પરંતુ આજે જેઓ ૮૫ થી ૯૦ વર્ષમાં પહોંચેલ છે, તે શ્રાવક શ્રાવિકા પાસેથી જાણવા મળે છે કે જ્યારે ફરી નવખંડા ભગવાનને બિરાજમાન કરેલ ત્યારે શ્રી આદેશ્વર ભગવાનને ભાવનગર બિરાજમાન કરેલ હશે.

હાલમાં શ્રી ઘોઘાતીર્થમાં નવખંડા પાર્શ્વનાથ ભગવાનના વિશાળ રંગમંડપમાં શ્રી પદ્માવતી દેવી તથા પાર્શ્વયક્ષની દેરીઓ પાછળથી બનાવી પ્રતિષ્ઠિત કરેલ હશે.

શ્રી નવખંડા પાર્શ્વનાથ ભગવાનનો, તેના જિનાયલનો કેમ, ક્યારે અને કોણે વિચ્છેદ કર્યો તેનો ઈતિહાસ આ પ્રમાણે જણાવે છે. શ્રી સૌભાગ્યવિજયજી મહારાજે પોતાની 'તીર્થમાળા' વિ.સં. ૧૭૫૦ બનાવી ત્યારે લખ્યું છે કે વિ.સં. ૧૪૯૯માં શ્રી નવખંડા પાર્શ્વનાથ તથા શ્રી આદેશ્વર ભગવાન પણ ઘોઘામાં હતા.

પરંતુ ત્યારપછી મલેચ્છાએ શ્રી નવખંડા પાર્શ્વનાથજીના નવખંડ કરી પોટલી બાંધી ભાવનગરના વડવામાં આવેલ બાપેસરના કુવામાં નાખી દીધા હશે. અમુક કાળ વ્યતિત થયે ઘોઘાના એક પુણ્યશાળી શ્રાવકને સ્વપ્ન આવ્યું કે, 'બાપેશરના કુવામાં નવટુકડાના રૂપે પોટલીમાં પ્રભુજીની પ્રતિમા છે તે પોટલી હીરના તાંતણે બાંધીને બહાર કાઢ. ત્યારબાદ તે નવટુકડા તમે નવમણ લાપસીમાં ગોઠવશો અને નવ દિવસ પછી બહાર કાઢશો અને તે નવટુકડા તમે ઘોઘામાં લઈ જશો.' આ વાતની તુરત ભાવનગર સંઘને જાણ થતા નવટુકડા કુવામાંથી કાઢયા અને પછી પોતાનો હક સ્થાપિત કર્યો. અને બંને સંઘ વચ્ચે મડાગાંઠ ઉભી થઈ. છેવટે બંને સંઘે મળી એવો નિર્ણય કર્યો કે ભગવાનના નવ ટુકડા બળદ વગરના ગાડામાં મુકી તે ગાડાની ધુસરી કુદરતી રીતે જે બાજુ વળે ત્યાં લઈ જવા. અને આખરે ઘોઘા ગામના પુણ્યોદયે ધુસરી ઘોઘા તરફની દિશામાં વળી અને ભગવાનને ધામધુમથી ઘોઘા લાવવામાં આવ્યા. ત્યારબાદ શ્રાવકને આવેલ સ્વપ્ન પ્રમાણે નવેનવ ટુકડાને નવમણ લાપશીમાં ગોઠવ્યા અને નવમાં દિવસે બહાર કાઢવા તે પ્રમાણે સ્વપ્ન મુજબ નક્કી કર્યું.

તે સમયે ભરૂચથી વહાણમાર્ગે પાલિતાણા જવા માટે સંઘ નીકળેલ હતો. પરંતુ કાળક્રમે તે સંઘ સમુદ્રમાં જ ૮ (આઠ) દિવસ રહ્યો અને નવમાં દિવસે ઘોઘા બંદર પધાર્યો. સંઘપતિને નવમાં દિવસે માળ પહેરવાનું મૂર્હત હતું. જેથી ભરૂચના સંઘે શ્રી નવખંડા પાર્શ્વનાથના દર્શન કરવાની ઈચ્છા દર્શાવી. અંતઃકરણપૂર્વકની દર્શન કરવાની ઈચ્છાને ભરૂચનો સંઘ રોકી શક્યો નહિ અને ઘોઘાના સંઘે ભરૂચના સંઘનું પચ્ચીસમાં તીર્થંકર સ્વરૂપે બહુમાન જાળવવા એક દિવસ વહેલા એટલે કે નવમાના બદલે આઠમા દિવસે ભગવાનને લાપસીમાંથી બહાર કાઢ્યા, જે અવધી પ્રમાણે એક દિવસ વહેલું



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અપીલ કરે તે શિષ્ય નહિ,
દલીલ કરે તે દાસ નહિ,
ભાંજગડ કરે તે ભક્ત નહિ.

શુભેચ્છક :
જગતભાઈ મનુભાઈ સંઘવી
**મે. રાયચંદ એન્ડ સન્સ (ઈલેક્ટ્રીક) પ્રા. લી.**
૭, દામજી શામજી ઈન્ડસ્ટ્રીયલ કોમ્પલેક્સ,
મહાકાલી કેવ્સ રોડ, અંધેરી (ઈસ્ટ),
મુંબઈ - ૪૦૦ ૦૯૩.
✆ ૮૩૬ ૩૪૪૫ - ૮૩૪ ૪૪૪૦ ● ફેક્સ : ૮૩૭ ૭૫૩૦
વાશી ઓફીસ : ૭૬૩ ૨૪૬૦ - ૭૬૭ ૨૨૩૮ ● ફેક્સ : ૭૬૭ ૧૬૯૭
ઘર : ૩૬૮ ૬૭૫૦ / ૩૬૪ ૦૧૭૪



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હતું. ભગવાનને બહાર કાઢી જોયું તો નવખંડ જોડાઈ ગયેલ પરંતુ નવેનવ સાંધા પૂરાયા નહીં. જે આજે પણ નવ સાંધા સ્વરૂપે સ્પષ્ટ જોઈ શકાય છે.

નવખંડા પાર્શ્વનાથ ભગવાનના પરિકર ઉપર લખેલ લેખ મુજબ વિ.સં. ૧૮૬૫ વૈશાખ વદ ૧૦ને શુક્રવારે ભગવાનની પ્રતિષ્ઠા શ્રી તપાગચ્છ પ.પૂ.મ.સા. શ્રી જિનેન્દ્ર સૂરિશ્વરજી મ.સા.ના વરદ્‌હસ્તે થઈ અને ત્યારથી દર વર્ષે વૈશાખ વદ ૧૦નાં સાલગીરી ખૂબ જ ધામધૂમથી હર્ષઉલ્લાસપૂર્વક ઉજવવામાં આવે છે.

શ્રી નવખંડા પાર્શ્વનાથ ભગવાનના જિનાલયની બાંધણી મનોહર અને વિશાળ છે. દહેરાસર ફરતો કોટ છે અને વચ્ચોવચ શ્રી નવખંડા પાર્શ્વનાથ ભગવાનનું ત્રણ શિખરવાળું મંદિર છે. કુલ ચાર મંદિર આ કોટમાં આવેલ છે. કોટમાં દાખલ થતાં જ ડાબી બાજુ શાંતિનાથ ભગવાનનું દહેરાસર છે. વિ.સં. ૧૮૬૦ અને ૧૮૬૬માં ઘોઘાના જ શ્રાવકોએ મૂર્તિ ભરાવી છે. શાંતિનાથ ભગવાનની પ્રતિષ્ઠા શેઠશ્રી ધરમચંદ મગનલાલના પૂર્વજોએ કરાવેલ છે.

આ વિ. સં. દરમિયાન ઘોઘામાં શ્રી કેશવજી કોટવાલ શૂરા, શ્રી દેપાળ શેઠ, શ્રી કુંવરજી શેઠ, શ્રી ખમંડ શેઠ, શ્રી બાલાભાઈ શેઠ, શ્રી કીકાભાઈ વજેચંદ શેઠ, શ્રી મોહન વાઘજી શેઠ વગેરે શ્રેષ્ઠીવર્ય થઈ ગયેલ. શ્રી ઘોઘામાં ઈંગ્લીશ ભણવા માટેની સગવડ ઉપલબ્ધ નહોતી, ત્યારે ઘોઘાના જૈન વતની શેઠ શ્રી હીરાચંદ રામચંદ શાહ પરિવાર તરફથી ઈંગ્લીશ સ્કુલ બંધાવી અને શરૂ કરવામાં આવેલ છે.

શ્રી ઘોઘા તીર્થમાં બે વિશાળ ઉપાશ્રય છે. અત્રે પ્રાચીન હસ્ત લિખીત પોથીઓનો ભંડાર પણ સુંદર દર્શનીય છે.

આજ રીતનું આવી જ બાંધણીનું બીજું દહેરાસર શ્રી સુવિધીનાથ ભગવાનનું જમણી બાજુ આવે છે.

ત્રીજું જિનાલય શ્રી નવખંડા પાર્શ્વનાથ ભગવાનના જિનાલય સામે જ બાવીસમાં તિર્થંકર શ્રી નેમનાથ ભગવાનનું છે, જેમાં મૂર્તિઓ પલાસણ છે.

ચોથું જિનાલય શ્રી ચૌમુખજીનું છે, જેમાં સમવસરણમાં એક આરસના અને બીજી પંચધાતુના ચૌમુખજી બિરાજમાન છે. આ બંને સમવસરણ શ્રી ગંધારના સંઘે બનાવેલ લાગે છે. જે વખતે ગંધારમાં પ્રલય થયો હતો તે વખતે ૩૫૦ પ્રતિમાજી વગેરેને દહેજ બંદરમાં લાવ્યા હશે અને ત્યાંથી જ શ્રી ઘોઘાતીર્થમાં આવેલ હશે. કારણ આ સમવસરણો વિ.સં. ૧૫૧૧માં ગંધારમાં પ્રતિષ્ઠિત કરાવવામાં આવેલ. તેવો શીલાલેખ તેના પર છે. આ જિનાલયમાં શ્રી ધર્મઘોષ સૂરિશ્વરજીની મૂર્તિ છે, તેની બાજુમાં સાધુ મુનિરાજની મૂર્તિઓ છે.

ઘોઘામાં બીજા જિનાલય શ્રી જીરાવલા પાર્શ્વનાથ ભગવાનનું પરસોત્તમ મહીરાની



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એકબીજાને કહેતા નહિ...
એકબીજાને સહેતા શીખો...

: શુભેચ્છક :

# મનુભાઈ રાયચંદ સંઘવી

## ઘોઘાવાળા સહપરિવાર

## તરફથી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પોળમાં અથવા (જીરાવલી પોળ)ના નામે ઓળખાતા ખાંચામાં છે તેમાં એક ગૌતમ સ્વામીની મૂર્તિ છે, તેના પર વિ.સં. ૧૩૫૭નો લેખ છે.

બીજું શીખરબંધી જિનાલય આઠમાં તીર્થંકર શ્રી ચંદ્રપ્રભુ ભગવાનનું ભજીપોળ નામે ઓળખાતા લતામાં છે. તેના એક ગોખલામાં શ્રી વિજયદેવસૂરિ મ.સા.ના પગલા છે. તેના પર વિ.સં. ૧૭૧૬ કાર્તિક સુદ ૧૩ અને સોમવારનો લેખ છે. ઉપરાંત બીજા પ્રાચીન અવશેષો ઘણા છે. વિ.સં. ૧૮૧૮ની પહેલા બેચાર વર્ષે એટલે કે વિ.સં. ૧૮૧૪ અને ૧૮૧૬ની આસપાસ પ્રતિષ્ઠા થઈ હશે. આ જિનાલય ખૂબ કારીગરીવાળું અને મનોહર બનાવેલ છે. આ મંદિરની રચના રાજા કુમારપાળના સમયની માનવામાં આવે છે. એટલે કે નવખંડા પાર્શ્વનાથ ભગવાનનું નવું જિનાલય થયું તેના કરતા બહુ પ્રાચીન છે. ઈતિહાસકારોના મતે પ્રાચીન જિનાલય શ્રી ચંદ્રપ્રભુસ્વામીનું છે. ચંદ્રપ્રભુ સ્વામીના જિનાલય પછી શ્રી જીરાવલા પાર્શ્વનાથ અને ત્યારપછી શ્રી નવખંડા પાર્શ્વનાથનું નવું જિનાલય થયું છે તેવી જે લોકોની માન્યતા છે તે સાચી છે તેમ ઘોઘાવાસીઓ કહે છે.

શ્રી ઘોઘા તીર્થનું અસલ નામ ગુંડીગઢ હતું અને વલ્લભીપુરના રાજાઓના સમયમાં એ મહત્ત્વનું બંદર હતું, પરંતુ તે રાજ્યની પડતી થતાની સાથે બંદરની મહત્તા પણ ઘટી ગઈ. આ બંદર ઉપર વેપારી માલની આવક જાવક ઘણી જ હતી.

શ્રી ઘોઘા તીર્થ સમુદ્રના કિનારે આવેલ છે. કહેવાય છે કે સમુદ્ર ક્યારે પણ માજા મૂકે નહિ. પરંતુ સમુદ્રે માજા મૂકી. ઘોઘા ગામમાં સમુદ્રના પાણી ચારે તરફ ભરાય અને વધુને વધુ પાણી ભરાવા લાગ્યા. ત્યારે ઘોઘાના તરવૈયાઓએ નગરશેઠશ્રી ધરમચંદ મગનલાલને પોતાના ખભા પર બેસાડી ચંદ્રપ્રભુના જિનાલય પાસેના કિનારે લઈ જઈ ત્યાં ચૂંદડી અને મોડીયાથી સમુદ્રની પૂજા કરી અને જમણા હાથની આંગળીના વેઢામાં વાઢ મૂકી રક્તના છાંટણા સમુદ્રમાં નાખ્યા અને પછી જ સમુદ્રના પાણી પાછા વળવા શરૂ થયા. ઘોઘા સંકટમાંથી ઉગરી ગયું. મહાજનનો કાંટો નામની પ્રખ્યાત જગ્યામાં કહેવાય છે કે તેલના મોટામોટા ટાંકા હતા. સંજોગોવશાત તે ટાંકા કુદરતી રીતે જ ખાલી થઈ ગયા, અને તે તેલ પોરબંદરના દરિયા કિનારે નીકળ્યું અને કહેવાય છે કે ત્યારથી ઘોઘાની પડતીની શરૂઆત થઈ.

ઘોઘાતીર્થ સમુદ્ર રસ્તે દહેજ - ભરૂચ બંદરથી એટલું નજદીક છે કે રાત્રિના મધ્ય સમયમાં જ્યારે સંપૂર્ણ શાંતિ હોય છે ત્યારે દહેજ ભરૂચના ભસતા કુતરાઓનો અવાજ ઘોઘાના કિનારે, અને ઘોઘામાં ભસ્તા કુતરાઓનો અવાજ ભરૂચના કિનારે આજે પણ સંભળાય છે, તેમજ અંધારી રાત્રીઓમાં એકબીજા બંદરથી ઝીણી ઝીણી બત્તીઓ પણ જોઈ શકાય છે.

**સૌજન્ય : શ્રી રતીલાલ ઉક્કડભાઈ પરિવાર - બોરીવલી**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભાવથી થાય તે ભક્તિ,
કાયાથી થાય તે ક્રિયા

: શુભેચ્છક :

શ્રી ચંદ્રકાંતભાઈ હરીભાઈ શાહ

**M/s. FRP ACCESSORIES**

મુંબઈ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# શ્રી ઘોઘા તીર્થ ઈતિહાસ

ઘોઘાવાસીઓ દહેજ, ભરૂચ બંદરને સામો કાંઠો કહે છે, જેથી નક્કી કરી શકાય છે કે ઉપરોક્ત બંદરો કેટલા નજદીક હશે.

શ્રી ઘોઘા ઉપર ખરી રીતે જો કોઈનો ઉપકાર હોય તો તે પૂજ્યપાદ **શ્રી વિજયધર્મ સૂરિશ્વરજી મ.**ના ગુરૂ મહારાજ શાંતમૂર્તિ **પૂ. શ્રી વૃધિચંદ્રજી મહારાજ**નો છે. વિ.સં. ૧૯૦૦ પહેલા ઘોઘામાં જતિમહારાજનું બહુ જોર હતું અને સંવેગી સાધુઓ બહુ જ ઓછા હતા. આ કારણથી શ્રાવકો પણ જતિમહારાજોને બહુ માન આપતા અને માનતા હતા.

## જતિમહારાજનો ઈતિહાસ

જતિઓમાં દલીચંદજી જતિ અને વધેચંદજતિનું ઘોઘામાં વર્ચસ્વ ઘણું હતું. તેઓ પાસે ઘણી વિદ્યા હતી. એક વખત શ્રી ઘોઘા સંઘે પ્રભુજીનો રથયાત્રાનો વરઘોડો કાઢેલ, ત્યારે ચાર વાજા આકાશ માર્ગે આવેલ અને વરઘોડો થંભાવી દીધો - વાજીંત્રો બંધ થઈ ગયા, ત્યારે તે વખતે દલીચંદજી જતિએ ચારે વાજાને તાડના રૂપમાં ઘોઘાની ચારે દિશામાં ઉતારી દીધા. જે આજે પણ આટલા વર્ષે લીલાછમ ઉભા છે. જે આ કથનથી સાબિત થાય છે.

એક વખત ઘોઘામાં કૉલેરાના રોગનો ઉપદ્રવ થયો. અનેક જીવો મૃત્યુને ભેટતા હતા. ત્યારે દલીચંદજી જતિને તેની વિદ્યાનો ઉપયોગ કરવા વિનંતી કરતાં તેઓએ મંત્રથી ચાર ચિઠ્ઠી બનાવી. એક ગામના દરવાજા બહાર બાટલીમાં ઉતારી દાટી, બીજી સ્મશાનમાં દાટી, ત્રીજી દરિયા કિનારે દાટી, ચોથી ચિઠ્ઠીને નવખંડા પાર્શ્વનાથ ભગવાનના જિનાલયના ઘંટમાં બાંધી છે. જ્યાં સુધી ઘંટનો નાદ સંભળાય ત્યાં સુધીમાં કોઈ રોગચાળો થાય નહિ. જે આજે પણ ઘંટમાં ચિઠ્ઠી અસ્તિત્વમાં છે.

ઘોઘામાં સંવેગી સાધુઓનું પહેલ વહેલું ચોમાસું જો કોઈનું થયું હોય તો તે શ્રી વૃધિચંદ્રજી મ.સા.નું અને ભાવનગરમાં સંવેગી સાધુનું પહેલું ચોમાસું થયેલ હોય તો તે શ્રી બુટેરાયજી મ.સા.નું ઘોઘા અને ભાવનગરમાં વ્યાખ્યાનનો પ્રારંભ થયેલ હોય તો એ આ મહાત્માંઓથી થયેલ છે.

ઘોઘામાં જુનો ઘાંચીવાડ છે ત્યાં એક મસ્જિદ છે, તેના નગારખાનાના ઉપરના ભાગમાં સરસ્વતીગચ્છના કુમુદચંદ્રે પ્રતિષ્ઠા કરી એવો વિ.સં. ૧૭૧૯નો લેખ છે અને નગારખાનાના નીચેના ભાગમાં ધર્મસાગર સાધુએ પ્રતિષ્ઠા કરી એવો વિ.સં. ૧૭૧૯નો લેખ છે.

ઘોઘાનું, મહુવાનું તથા ધોળકાનું એમ ત્રણે જિનાલયો એક જ શિલ્પીએ બાંધેલા છે. ત્રણે જિનાલયોની બાંધણી એક સરખી છે.

**સૌજન્ય : શ્રી મહીપતરાય જયસુખલાલ પરિવાર - ચેમ્બુર**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રી નવખંડા પાર્શ્વનાથાય નમઃ

**જીવનમાં લોહી અને સુખનાં સગપણ કરતાં વેદનાનું સગપણ વધારે રહે છે.**


: શુભેચ્છક :

કિશોર શાહ

**જસવંતરાય અમૃતલાલ શાહ પરિવાર**

**K. Enterprises**

Stockist of : **SIEMENS, L & T & E/E PRODUCTS**

15/3, Carmello's Building, 1st Floor,
63/67, Pathakwadi, Lohar Chawl,
Mumbai - 400 002.
Phone : (O) 206 2048 (R) 569 4553




Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી ઘોઘા તીર્થ ઈતિહાસ

નવખંડા પાર્શ્વનાથ ભગવાનના જિનાલયના રંગમંડપ નીચે એક ભોંયરૂ નીકળેલ જેમાંથી અસંખ્ય પ્રતિમાજી નીકળેલ હતી. હાલ પણ તે પ્રતિમાજી ભોંયરામાં છે.

શ્રી ઘોઘા એવું મોટું નગર હતું કે જ્યાં ૧૦૮ કુવા હતા જે હાલ જાજા કુવા નામે ઓળખાય છે. ઉપરાંત સોનારીયા તળાવ, સગતળાવ અને આલાહર નામે આજે પણ છે. સોનારીયા તળાવ માટે કહેવાય છે કે તાંબાના પતરાથી તળીયું બનાવી તળાવ બનાવવામાં આવેલ હતું. નજદીકમાં આવેલ પીરમબેટ છે. તેની નજદીકથી માછીમારની જાળમાં સુખડના પ્રતિમાજી ૧૦ વર્ષ પહેલા જ મળેલ હતા. જે પ્રતિમા હાલ ભાવનગર કૃષ્ણનગરના જિનાલયમાં બિરાજમાન છે. જેથી કહી શકાય કે પીરમબેટ પાસેના સમુદ્રના તળીયે હજુ પણ ઘણાં પ્રતિમાજી હોય શકે.

પૂ. ગુલાબ વિજયજી મ.સા.ના ચાતુર્માસ ઘોઘામાં ઘણા થયેલ, અને કાળધર્મ પણ ઘોઘામાં જ પામ્યા. શ્રી ગુલાબ વિજયજી મ.સા.ની પ્રેરણાથી જ નૂતન ઉપાશ્રય બાંધવામાં આવેલ હતો. શ્રી ગુલાબ વિજયજી મ.સા.ની અસીમકૃપા ઘોઘા તીર્થમાં હતી તેથી તેમનું મંદીર બનાવી મૂર્તિ પણ સ્થાપીત કરેલ છે.

હાલમાં ઘોઘામાં આવેલ મચ્છીવાડામાં વર્ષો પૂર્વે અસલ દિગમ્બરનું જીનાલય હતું પરંતુ અન્યધર્મી રાજાઓએ આ જીનાલયનો વિચ્છેદ કરી ત્યાં પીરની દરગાહ બનાવી દીધી, એ મસ્જિદની બાંધણી કરી, પરંતુ તેના ઘુમ્મટ જૈન દેરાસરના હોય તેવા આજે પણ છે. અને ત્યાં ભોંયરૂં હતું જે ગીરનારમાં નીકળતું હતું તેમ કહેવાય છે. આ ભોંયરૂં પથ્થરથી ઢાંકી દેવામાં આવેલ છે.

વિ.સં. ૧૬૫૧માં અકબર પ્રતિબોધક જગદ્‌ગુરૂ શ્રી હીરવિજયસૂરિશ્વરજી મ.સા. પાટણથી મોટો સંઘ લઈને પાલિતાણા ગયેલ, ત્યારે તેની સાથે ઘણા સંઘ જોડાયેલ તેમાં શ્રી ઘોઘાનો સંઘ પણ જોડાયેલ હતો, જેની નોંધ મળે છે.

આ ઉપરાંત ઘોઘા તીર્થમાંથી ઘોઘાવાસી શ્રેષ્ઠીવર્યોએ શ્રી સંઘ કાઢેલ જે નીચે પ્રમાણે છે.

૧) વિ.સં. ૧૪૩૦માં શ્રી વીરા અને શ્રી પૂર્ણાનામના શ્રાવકોએ શત્રુંજય તથા ગીરનારનો સંઘ કાઢેલ.
૨) શ્રી હીરાલાલ રામચંદ શેઠ - પાલીતાણાનો સંઘ
૩) શ્રી હરકોર અને માણેકબહેન - પાલીતાણાનો સંઘ
૪) શ્રી રામચંદ લલ્લુભાઈ - પાલીતાણાનો સંઘ
૫) શ્રી ઉક્કડભાઈ ભાણજી - પાલીતાણાનો સંઘ
૬) શ્રી કાંતિલાલ વીઠ્ઠલદાસ - પાલીતાણાનો સંઘ
૭) શ્રી ભુપતરાય રતિલાલ પારેખ, શ્રી હર્ષદરાય ચુનીલાલ શાહ, શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી (પાટણવાળા) તા. ૬-૧૨-૯૫. પાલીતાણાનો સંઘ

**સૌજન્ય : શ્રી બળવંતરાય કાંતિલાલ પરિવાર**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શુભેચ્છક :

શ્રી નવિનચંદ્ર રાયચંદ સંઘવી પરિવાર

Rededicated at your service
from Lohar Chawl –
the Citadel of
Electrical Goods...

**Authorised Dealers :**

ELMEX Terminals, PVC Cable / Channels
SIEMENS Switchgears, V-PLAST Wire & Cables
JPRON Wiring Accessories, COMET Glands,
LOTUS Lugs, BL 'D' Type HRC Fuse Systems
CONCORD Pneumatic Timers / Push Buttons

# Samarath Agencies

5/7, Picket X Road, Lahar Chawl,
Mumbai - 400 002.
✆ 206 6861 • Telefax : 208 3838
Resi : 369 3173




Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૮) શ્રી અરવિંદભાઈ રમણીકલાલ શાહ (નવસારીવાળા) તા.૩૧-૧-૯૭. પાલીતાણાનો સંઘ

## શેઠ શ્રી કાળામીઠાની પેઢી

શ્રી ઘોઘાતીર્થનો વહીવટ કરતી પેઢી 'શેઠ કાળા મીઠા'ના નામે કેમ થયો હશે તેનો પણ એક શિલાલેખ શ્રી સુવિધીનાથ ભગવાનની મૂર્તિ કે જે ઘણા વર્ષો પહેલા જ્યારે ભોંયરામાં હતી, તે ભોંયરાના એક ગભારામાંની ઉત્તર દિશાની દીવાલ પર લેખ છે. એ લેખ જોતા જણાય છે કે અહીંના સંઘનો બધો વહીવટ શેઠ કાળા મીઠા કરતાં હશે. તે સમયે મીઠા સુંદરજી શેઠાઈ કરતાં હશે. તેમના સુપુત્ર કાળા શેઠ થયા અને તેમના નામ પરથી પેઢીની સ્થાપના કરવામાં આવી હોય તેમ સ્પષ્ટ જણાય છે.

## ભોજનશાળા

શ્રી ઘોઘા તીર્થમાં હંમેશા આખા દિવસ દરમ્યાન ભાતુ અપાય છે તેમજ ભોજનશાળા પણ ચાલુ છે: આ ભોજનશાળાની સ્થાપના ઘોઘાના વતની શ્રેષ્ઠીવર્ય શ્રીયુત ચીનુભાઈ હરીભાઈ શાહની સુંદર ભાવનાથી, તેઓશ્રીના પ્રયાસથી જ શરૂ થયેલ છે. આજે ભોજનશાળામાં ત્યારથી ફ્રી પદ્ધતિ અપનાવામાં આવેલી છે.

થોડા વર્ષ પહેલાં જ આ ભોજન શાળાનું તે જ મકાનમાં નવ નિર્માણ કરી અને તેને વધુ આધુનિક બનાવવામાં આવેલ છે. ભોજનશાળાના પૂરક નિભાવ ખર્ચ માટે ભોજનશાળાના વિશાળ હોલમાં દાતાઓના કલર ફોટા મુકાવવાની યોજના શરૂ કરવામાં આવેલ છે. ભાવિકોના ફોટા લગાડવામાં આવેલ છે. આમાં પણ આ યોજનામાં વિશેષ પ્રકારે અલગ અલગ શહેરોમાં રહેતા ઘોઘા વાસીઓએ વધુ લાભ લીધેલ છે. આ યોજના સર્વે માટે લાભ લેવા આજે પણ ચાલુ જ રાખેલ છે.

## પોષ દશમી

શ્રી પાર્શ્વનાથ ભગવાનના કલ્યાણકની આરાધના સામુદાયિક અઠ્ઠમતપથી દર વર્ષે ત્યાં કરવામાં આવે છે. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી ચંદ્રોદયસૂરિશ્વરજી મ.સા., પ.પૂ.આ. મહારાજશ્રી અશોકચંદ્રસૂરિશ્વરજી મ.સા.ના સદ્‌ઉપદેશથી કાયમી ભંડોળ ઊભું કરાવી આ આરાધના વર્ષો વર્ષ વધુ સારામાં સારી રીતે સામુદાયિક રીતે થાય તેવી ભાવના પ્રદર્શિત કરેલ હતી. જે ખૂબ જ હર્ષ અને ઉલ્લાસથી ઉજવાય છે.

પીરમબેટ સમુદ્ર માર્ગે ઘોઘાથી બહુ જ નજદીક છે. પીરમબેટ પણ એક સમયમાં સમૃદ્ધ અને સુંદર હતું જ્યાં જૈનોની વસ્તી ઘણી હતી. જૈન જિનાલય પણ ઘણા હતા

સૌજન્ય : શ્રી પ્રવિણચંદ્ર પન્નાલાલ શાહ પરિવાર - ઘાટકોપર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શુભેચ્છક :

સતીશ શાંતિલાલ શાહ

# SATISH TRADING CO.

Stockist for :

**SIEMENS & L & T SWITCH GEAR.**
**ELECTRIC MOTORS, STARTERS &**
**SWITCHGEAR ETC.**

170/172, Kika Street,
(Gulalwadi) 2nd Floor,
Mumbai - 400 004.

Ph. Off. 375 7558
Resi. : 414 4204




Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પણ કાળક્રમે તેનું પતન થયું. તે સમયમાં ભગવાનની મૂર્તિઓના રક્ષણ માટે પથ્થરની કુંડીઓ બનાવી તેમાં સંતાડવામાં આવતી હશે. એક વખત ત્યાંના એક ખારવાએ સારો પથ્થર જોતા, તે પથ્થર લેવા જતા નીચે પથ્થરની કુંડી નીકળી, જેમાં ભગવાન હતા તેમાંથી એ ભગવાન તેણે ઘોઘાના શ્રાવકને કિંમત લઈ વેચેલી. જ્યારે શ્રાવકે બીજી પ્રતિમા હોય તો લાવવા કહેલ. પરંતુ ખારવાને તો લોભ લાગ્યો અને વાત સરકાર સુધી પહોંચી ગઈ. સરકારે આ પ્રતિમાનો કબજો લીધો. પરંતુ અમદાવાદવાસી શ્રી મનસુખલાલ ભગુભાઈએ કલેકટર સાથે પત્ર વ્યવહાર કરી મૂર્તિઓને કબજે કરી, શ્રી ઘોઘા સંઘને સુપ્રત કરી. આમાંની ઘણી મૂર્તિઓ ઘોઘાના અલગ અલગ જિનાલયમાં રાખેલ છે તેમજ શ્રી નવખંડા પાર્શ્વનાથ ભગવાનના દહેરાસરમાં પણ બીરાજમાન કરેલ બાકીની મૂર્તિઓ ત્યાંના ભોંયરામાં રાખવામાં આવેલ હતી.

હાલ અત્યારે પણ શ્રી ઘોઘામાં બે સ્ફટીકની સુંદર મૂર્તિઓ બિરાજમાન છે.

પીરમબેટમાંથી મળેલ દરેક મૂર્તિઓ ઉપર ચૌદમી સદીના લેખ કોતરાયેલ જોવામાં આવેલ છે.

સૌરાષ્ટ્રમાં ઘોઘાની પંચતીર્થમાં આગવી ગણના કરવામાં આવે છે.

ઘોઘામાં એવા તો સમૃદ્ધ અને સુખી શ્રાવકો હતા કે જેઓની દેશ પરદેશમાં નામના હતી.

## ગોડીજી પાર્શ્વનાથ : બાલાભાઈની ટુંક પાલીતાણા

મુંબઈનું પાયધુનીનું ગોડીજી પાર્શ્વનાથજી કે જેમની મૂળ નાયક તરીકે પ્રતિષ્ઠા ઘોઘા નિવાસી મહાન પુણ્યશાળી શ્રીમાન **શેઠશ્રી કલ્યાણજી કાનજી પરિવાર**ના શુભ હસ્તે સંવત વૈશાખ સુદ-૧૦ના મંગલમય દિવસે થયેલ હતી.

ઘોઘા ગામની બહાર એક કીલોમીટર દૂર સોનારીયા તળાવની પાસે દાદાસાહેબ નામની જગ્યામાં દહેરીમાં ત્રણ ચરણ પાદુકા છે. (૧) તકરાજગા પાદુકા (૨) હેમવિમલ સૂરિશ્વરજી મ.સા.ની પાદુકા (૩) દયા ઉરાજ ગણી છે. આ સ્થાપના શ્રી દેવેન્દ્ર સૂરિશ્વરજી મ.સા.ના વરદ્ હસ્તે થયેલ હતી. વર્ષો સુધી દર વર્ષે કારતક સુદ ૧૫ના દિવસે ઘોઘાનો સકળ સંઘ અત્રે પધારી શંત્રુજયના પટને જારે છે અને અત્રે પૂજા ભણાવવામાં આવે છે.

બીજું પાલિતાણામાં ગીરીરાજ ઉપર શેઠશ્રી મોતીશાહની ટૂંકની સામે ઘોઘાનાં રહીશ **શેઠ બાલાભાઈ**ની ટુંક ઉર્ફે શેઠશ્રી દીપચંદભાઈ કલ્યાણજીએ બંધાવેલ છે.

આજ રીતે ભાવનગરના રસ્તે સાત દેરી નામે જગ્યા છે, જેને જતીઓની દહેરી પણ કહે છે, અહીં પહેલાંના સમયમાં જતી મહારાજ અને ત્યારપછીના સમયમાં

**સૌજન્ય : શ્રી કીરીટભાઈ કાંતીલાલ શાહ - મુલુંડ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લડીને સાચા સાબીત થવા કરતાં,
મૌન રહીને સારા સાબીત થવું શ્રેષ્ઠ છે..

શુભેચ્છક : રમેશ શાહ

**ચેતન એન્જિનીયરીગ કું.**

સ્ટોકીસ્ટ એન્ડ ડીલર્સ

ઓઈલ મીલના સ્પેરપાર્ટ, બેરીંગ, ફીલ્ટર ફ્લોથ, એલીવેટર્સ ચેઈન

★

**ભારત બ્રધર્સ**

પ્લાયવુડ, સનમાઈકા ફેવીકોલ તથા દરેક જાતના
ટેકવુડના વેપારી.

★

**ચેતન આયુર્વેદ કંપની**

સ્ટોકીસ્ટ તથા સપ્લાયર્સ

આયુર્વેદિક હર્બ્સ, સ્પાઈસ, ઓઈલ તથા એક્ષટ્રેક્ટ

૩૩/૧૦૧, દરિયા સ્થાન સ્ટ્રીટ,
મુંબઈ - ૪૦૦ ૦૦૩.
ફોન નં. ઓફિસ : ૩૪૪ ૩૭૯૫ / ૩૪૨ ૧૬૯૪
ઘર : ૫૦૦ ૨૬૯૧ / ૫૦૦ ૨૪૦૪
ફેક્સ : ૩૪૫ ૨૫૦૦


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સૂરીશ્વરજી મ.સા. તથા સાધુ-સાધ્વી મ.સા.ને ત્યાં અગ્નિ સંસ્કાર દેવાતા હતા. જેમાં શ્રી ગુલાબ વિજયજી મ.સા.ના કાળધર્મ પછી તેમની કાઢેલ પાલખીને અને જ્યારે ઉપરોક્ત જગ્યાએ મૂકવામાં આવી ત્યારે તે પાલખી એક બાજુ નમતી રહી. પાલખીને સરખી કરવા પ્રયત્ન કર્યો પરંતુ તે પાલખી એક બાજુ નમતી જ રહી અને આજે પણ તેમના ચરણ પાદુકાની દેહરી પણ એક બાજુ નમતી રહેલી છે. અત્રે શ્રી દલીચંદજી યતીનો પણ અગ્નિસંસ્કાર થયેલ છે. દર વર્ષે આ દેહરીના દર્શને સકળ સંઘ સાથે પધારે છે.

અરબી ભાષામાં લખાયેલ ઈ.સ. ૧૬૭૭નો એક શિલાલેખ અહીંથી મળી આવેલ છે અને આ સ્થળની પ્રાચીનતા પુરવાર કરે છે. ઈ.સ. ૧૩૨૫માં મોકડાજી ગોહિલે મુસ્લિમો પાસેથી ઘોઘા જીતી લીધું. ઈ.સ. ૧૩૪૭માં દિલ્હીના સુલતાને ફરી ઘોઘાનો કબજો મેળવ્યો, ત્યારપછી સોળમી સદીમાં ઘોઘા એક મહત્ત્વના બંદર તરીકે વિખ્યાત થયું. પણ ૧૬૧૪માં ફિરંગીઓએ બંદરનો નાશ કરતાં ઘોઘાની સમૃદ્ધિ ઓસરી ગઈ. ૧૯મી સદીના આરંભે ઘોઘા અંગ્રેજ હકુમત હેઠળ આવતા ફરી એ ધીકતું બંદર બની ગયું, પણ ભાવનગરનો વિકાસ થતાં ઘોઘાની મહત્તા ઘટતી ગઈ.

શ્રી ઘોઘા તીર્થમાં આગળ જણાવેલ પ્રમાણે ઘણા બધા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીઓ પધારેલ હતા. તેમાં જગદ્ગુરૂ શ્રી હીરવિજયસૂરિશ્વરજી, વિજયસેન સૂરિશ્વરજી મ., વિજય સિંહસૂરિશ્વરજી મ. એ વિજય પ્રભસૂરિશ્વરજી મ.સા. અવાર નવાર પધારેલ હતા.

તેમાં પણ વિશેષ નામ તરી આવે તેવું પૂજ્યપાદ ઉપાધ્યાય મ. શ્રી યશોવિજયજી મ. ઘોઘામાં રહેલ અને ઘોઘાના સમુદ્રને જોઈને એક નાનો પણ મહત્ત્વનો ગુજરાતી ભાષાનો પબદ્ય ગ્રંથ 'સમુદ્ર વહાણ સંવાદ' નામનો ૧૭ ઢાળનો ગ્રંથ ૧૭૧૭ની સાલમાં બનાવેલ છે.

તો આપ એક વખત જરૂર ઘોઘા તીર્થમાં દર્શન-પૂજન માટે પધારશો.

લંકાની લાડી અને ઘોઘાનો વરની જૂની કહેવતનું સર્જન કરતું ઘોઘા પ્રાચીન બંદર છે.

✿ ✿ ✿

સૌજન્ય : શ્રી નવિનચંદ્ર રાયચંદ સંઘવી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી ઘોઘા તીર્થ ઈતિહાસ

### પંચતીર્થમાં આવેલા સ્થળોમાં મુખ્ય ભગવાનનાં નામ :

| | | |
|---|---|---|
| શ્રી વલ્લીભપુર તીર્થ | : | શ્રી આદેશ્વર ભગવાન |
| શ્રી પાલીતાણા તીર્થ | : | શ્રી આદિશ્વર ભગવાન (શાશ્વતુ તીર્થ) |
| શ્રી ડેમ તીર્થ | : | શ્રી શત્રુંજય પાર્શ્વનાથ ભગવાન |
| શ્રી કદમગીરી તીર્થ | : | શ્રી આદેશ્વર ભગવાન |
| શ્રી તળાજા તીર્થ | : | શ્રી સાચા સુમતિનાથ ભગવાન |
| શ્રી દાઠા તીર્થ | : | શ્રી શાંતિનાથ ભગવાન |
| શ્રી મહુવા તીર્થ | : | શ્રી મહાવીર સ્વામી ભગવાન (જીવીત સ્વામી) |
| શ્રી ઊના તીર્થ | : | શ્રી આદીનાથ ભગવાન |
| શ્રી હસ્તગીરી તીર્થ | : | શ્રી આદિશ્વર ભગવાન |
| શ્રી અજાહરા તીર્થ | : | શ્રી અજાહરા પાર્શ્વનાથ |
| શ્રી દીવ તીર્થ | : | શ્રી નવલખા પાર્શ્વનાથ ભગવાન |
| શ્રી દેલવાડા તીર્થ | : | શ્રી ચિન્તામણી પાર્શ્વનાથ ભગવાન |

**ઘોઘાથી અંતર**

| | |
|---|---|
| મુંબઈ | - ૭૫૦ કિ.મી. |
| ભાવનગર | - ૨૧ કિ.મી. |
| પાલીતાણા | - ૭૪ કિ.મી. |
| તળાજા | - ૪૫ કિ.મી. |
| દાઠા | - ૬૧ કિ.મી. |
| મહુવા | - ૯૧ કિ.મી. |
| ઊના | - ૧૮૫ કિ.મી. |
| અજારા | - ૧૮૭ કિ.મી. |
| અમદાવાદ | - ૨૨૦ કિ.મી. |
| બરોડા | - ૨૨૫ કિ.મી. |
| હસ્તગીરી | - ૮૫ કિ.મી. |
| બુધેલ | - ૧૨ કિ.મી. |

**સૌજન્ય : શ્રી વીરચંદ કુંવરજી પરિવાર - મુલુંડ - વસઈ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org